RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 04 * Date: 23.10.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ઇમિગ્રન્ટ સામે ટ્રમ્પ તંત્ર બેફામ ત્રણ લાખ લોકોના વિઝા રદ કર્યા



વોશિંગ્ટનથી મોટા સમાચાર મુજબ, ટ્રમ્પ તંત્રએ સપ્ટેમ્બરના અંત સુધીમાં ૩ લાખ વિઝા રદ કર્યા છે. માનવ અધિકાર જૂથોના મતે, ઓગસ્ટ ૨૦૨૫માં આ આંકડો ૧,૭૫,૦૦૦ હતો, પરંતુ ટ્રમ્પે નિયમો નેવે મૂકી ઝડપી કાર્યવાહી કરી છે. પેલેસ્ટાઇન સમર્થક વિદેશીઓ અને સોશિયલ મીડિયાની ટિપ્પણી કરનારાઓ નિશાના પર છે. ટ્રમ્પનું કહેવું છે કે આનાથી રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો થયો છે.ઓગસ્ટ ૨૦૨૫માં આ આંકડો ૧,૭૫,૦૦૦નો હતોટ્રમ્પ તંત્રએ બધા જ નિયમો નેવે મૂકીને વિઝા રદ કરવાની કાર્યવાહી કરી હોવાનો માનવ અધિકાર જૂથોનો દાવો પેલેસ્ટાઇન સમર્થક વિદેશીઓ ટ્રમ્પ તંત્રના નિશાના પર સોશિયલ મીડિયાની ટિપ્પણીના આધારે પણ રદ કરાયા વિઝાવોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તંત્રએ તેમના બીજી ટર્મના શાસન દરમિયાન સપ્ટેમ્બરના અંત સુધીમાં ત્રણ લાખ વિઝા રદ કરી દીધા છે, એમ અમેરિકાના વિદેશ વિભાગે જણાવ્યું હતું. બીજી બાજુએ ફેડરલ ગવર્નમેન્ટ ઇમિગ્રેશન પર સતત ત્રાટકી રહી છે. આ આંકડા દર્શાવે છે કે ટ્રમ્પના તંત્રએ તાજેતરના અઠવાડિયાઓમાં વિઝા અંત કરવાની કાર્યવાહી કેટલી ઝડપી બનાવી છે. ઓગસ્ટ ૨૦૨૫ના અંત સુધીમાં વિઝા રદ કરવાનો આંકડો ૧,૭૫,૦૦૦નો હતો.ટ્રમ્પનું કહેવું છે કે ઇમિગ્રેશન પર ત્રાટકવાના લીધે અને ડિપોર્ટેશન ડ્રાઇવના કારણે રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો થયો છે. જ્યારે માનવ અધિકાર કાર્યકરોનું કહેવું છે કે આ પ્રકારના ઇમિગ્રેશન ક્રેકડાઉનમાં યોગ્ય પ્રક્રિયાનું પાલન થયું નથી. વાણી સ્વતંત્રતાનો ભંગ કરવામાં આવ્યો છે, તેના લીધે અસલામત વાતાવરણ સર્જાયું છે. તેમા વંશીય લઘુમતીનો સમાવેશ થાય છે, જેમણે વંશીય પ્રોફાઇલ બનાવવા સામે સવાલ ઉઠાવવા આવ્યા છે.છેલ્લા આંકડા સોશિયલ મીડિયા પર જણાવતા અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રએ અમેરિકન ઇતિહાસના કોઇપણ તંત્રની તુલનાએ સૌથી વધુ ઝડપે વિઝા રદ કરવાની કાર્યવાહી કરી છે.પિગોટે જણાવ્યું હતું કે અમારા વહીવટીતંત્રએ નિયમ તોડનાર, ફ્રોડ કરનાર, રાષ્ટ્રીય સુરક્ષાને ભયમાં મૂકતા વિદેશીઓ સામે ઝીરો ટોલરન્સનો અભિગમ અપનાવ્યો છે. સમર્થક વિદેશી દેખાવકારોએ વિરોધ કર્યો છે.

પ્રિયંકા ગાંધીના પુત્રના એક્ઝિબિશનમાં મોટો વિવાદ: તિરંગા અને આંદોલનના ૭૪ ફોટોઝ હટાવવા દબાણ, રાજકીય ઘમસાણ

દિલ્હીના બિકાનેર હાઉસમાં રેહાન વાડ્રાના ફોટો પ્રદર્શનમાં મોટો વિવાદ થયો છે. મેનેજમેન્ટે યુવા આંદોલનો દર્શાવતી ૭૦થી વધુ તસવીરો હટાવવા દબાણ કર્યું. રેહાને રાષ્ટ્રધ્વજની તસવીરો હટાવવાનો ઇનકાર કર્યો. પ્રિયંકા ગાંધીએ આને ×હાસ્યાસ્પદ× ગણાવતા કહ્યું કે આ કલાકારોના અવાજને દબાવવાનો પ્રયાસ છે અને હવે દેશમાં લોકશાહી રહી નથી. કળા અને અભિવ્યક્તિની આઝાદીને લઈને દેશની રાજધાની દિલ્હીમાં એક નવો મોટો વિવાદ છેડાઈ ગયો છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાના પુત્ર તેમજ આર્ટિસ્ટ-ફોટોગ્રાફર રેહાન વાડ્રાના સોલો ફોટો એક્ઝિબિશન ×દ્વરેહાન વાડ્રાએ ગંભીર આક્ષેપ કર્યો છે કે બિકાનેર હાઉસના મેનેજમેન્ટે તેમના પ્રદર્શનની શરૂઆત પહેલાં દેશમાં તાજેતરમાં થયેલા યુવા આંદોલનો અને વિરોધ પ્રદર્શનોનું દસ્તાવેજીકરણ કરતી આશરે ૭૪ તસવીરો તાત્કાલિક હટાવી લેવા દબાણ કર્યું હતું. આટલું જ નહીં, મેનેજમેન્ટે ભારતીય રાષ્ટ્રધ્વજ (તિરંગા) ની ૨ તસવીરો પણ હટાવવા જણાવ્યું હતું, જેને હટાવવાનો રેહાને સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો.ઓપનિંગના ગણતરીના કલાકો પહેલાં અલ્ટીમેટમ: ૭૦થી વધુ તસવીરો હટાવાબુધવારે સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થનારા આ શોના માત્ર થોડા કલાકો પહેલાં બપોરે ૩:૩૦ વાગ્યે મેનેજમેન્ટ તરફથી આદેશ આપવામાં આવ્યો હતો કે જો સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં આ તસવીરો હટાવવામાં નહીં આવે તો સમગ્ર એક્ઝિબિશન રદ કરી દેવામાં આવશે.

લાલ સમુદ્રમાં ૧૪ ભારતીયો સવાર બોટ પર સાઉદીની એરસ્ટ્રાઇક: હુથી બળવાખોરોનો ચોંકાવનારો દાવો

યમનના હુથી બળવાખોરોએ દાવો કર્યો છે કે, લાલ સમુદ્રમાં ઝુકર ટાપુ નજીક ૧૪ ભારતીય નાગરિકોને લઈ જતી બોટ પર સાઉદી અરેબિયાએ એરસ્ટ્રાઇક કરી છે. હુથીઓએ ભારતીયોને બચાવવા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું છે. સાઉદી અરેબિયાએ આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. આ ઘટના બાબ અલ-મંદેબ જળમાર્ગ નજીક બની છે. યમનના હુથી બળવાખોરોએ દાવો કર્યો છે કે લાલ સમુદ્રમાં ૧૪ ભારતીય નાગરિકોને લઈ જઈ રહેલી એક બોટ પર સાઉદી અરેબિયાએ એરસ્ટ્રાઇક કરી છે. આ ઘટના બાદ હુથી બળવાખોરોએ જણાવ્યું કે તેઓ બોટમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહ્યા છે. હાલમાં આ સમગ્ર મામલે માત્ર હુથીઓ તરફથી જ નિવેદન આવ્યું છે, જ્યારે સાઉદી અરેબિયા તરફથી હજી સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.નકશા જુઓહુથી બળવાખોરોના સૈન્ય પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપતાં જણાવ્યું કે સાઉદી અરેબિયાએ લાલ સમુદ્રમાં આવેલા ઝુકર ટાપુ નજીક ભારતીય બોટને નિશાન બનાવી હતી. પ્રાથમિક વિગતો અનુસાર આ બોટમાં ૧૪ ભારતીય નાગરિકો સવાર હતા. પ્રવક્તાના જણાવ્યા મુજબ તેમની ટીમે નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી હાથ ધરી છે અને આ વિશે વધુ વિગતો ટૂંક સમયમાં આપવામાં આવશે.યાહ્યા સરીએ સાઉદી અરેબિયાની આ સૈન્ય કાર્યવાહીને અત્યંત બેદરકારીભર્યું પગલું ગણાવ્યું છે. તેમણે આરોપ મૂક્યો છે કે આવી લશ્કરી હરકતોથી લાલ સમુદ્રમાંથી પસાર થતાં આંતરરાષ્ટ્રીય જહાજોની સલામતી જોખમાય છે. આ સાથે જ હુથી બળવાખોરોએ વૈશ્વિક સમુદાયને અપીલ કરી છે કે તેઓ સાઉદી અરેબિયાને આવા હુમલા કરતાં અટકાવવા માટે તાત્કાલિક દરમિયાનગીરી કરે.જે વિસ્તારમાં બોટ પર હુમલો થયાનો દાવો કરવામાં આવ્યો છે

દુનિયાના સૌથી દુર્ગમ સ્થળ 'સ્ટાર માઉન્ટેન્સ'ની રહસ્યમય દુનિયા, એલિયન્સ રહેતા હોવાની વાત વાયકા કે વાસ્તવિકતા?

પાપુઆ ન્યુ ગિનીના 'સ્ટાર માઉન્ટેન્સ' પૃથ્વી પરનું એક રહસ્યમય સ્થળ છે. ગાઢ જંગલો અને બરફીલા પર્વતોથી ઘેરાયેલું આ સ્થળ એટલું દુર્ગમ છે કે ત્યાં પહોંચવું લગભગ અશક્ય છે. અહીં ટ્રી કાંગારૂ અને સિંગિંગ ડોગ જેવા અનોખા જીવો જોવા મળે છે. ૧૯૫૯માં અહીં ર્હ્ય દેખાયાની ઘટના અને ૨૦૨૬માં સમુદ્રમાં રહસ્યમય રચના મળી આવતા એલિયન્સની થિયરીને વેગ મળ્યો છે. વૈજ્ઞાનિકો તેને માત્ર કુદરતી વિવિધતા જ ગણાવે છે.પૃથ્વી પર હજુ પણ એવી ઘણી જગ્યાઓ છે જે માનવ પહોંચથી સાવ દૂર છે. 'સ્ટાર માઉન્ટેન્સ' તેમાંની જ એક છે. ગાઢ જંગલો, ઊંડી ખીણો અને બરફથી ઢંકાયેલા પર્વતો વચ્ચે છુપાયેલી આ જગ્યા એટલી દુર્ગમ છે કે અહીં પહોંચવું સામાન્ય માણસના ગજાની વાત નથી. આ સ્થળની ભૌગોલિક કઠિનતા જ તેને વિશ્વનું સૌથી અનોખું અને રહસ્યમય સ્થળ બનાવે છે એટલું રહસ્યમય કે ત્યાં એલિયન્સ આવતા હોવાની વાતો પણ અવારનવાર ફેલાતી રહે છે.



સ્ટાર માઉન્ટેન્સ ઇન્ડોનેશિયાના પશ્ચિમી ન્યુ ગિનીથી લઈને પાપુઆ ન્યુ ગિની સુધી ફેલાયેલો છે. આ વિસ્તારમાં પાકા રસ્તાઓનું નામોનિશાન નથી, તેથી ત્યાંના અબ્મિસિબિલે અને માબીલાબોલ જેવા ગામડાઓ સુધી પહોંચવા માટે લાંબી પગપાળા યાત્રા કરવી પડે છે અથવા હેલિકોપ્ટરનો સહારો લેવો પડે છેઅહીંનું મુખ્ય શિખર માઉન્ટ જુલિયાના છે, જેને પુંચક મંડલા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ શિખર આશરે ૪૭૦૦ મીટર ઊંચું છે. કઠોર હવામાન અને હિમનદીઓને કારણે અહીં પર્વતારોહણ અત્યંત પડકારજનક છે. પ્રકૃતિ પ્રેમીઓ માટે આ સ્થળ ખૂબ ખાસ છે, કારણ કે અહીં વૃક્ષ પર રહેતા કાંગારૂ (ટ્રી ક્વોક્કા), સિંગિંગ ડોગ (ભસતા નહીં, ગાતા કૂતરા) અને અત્યંત ચમકદાર, રંગબેરંગી પીંછા ધરાવતાં 'બર્ડ્સ ઓફ પેરેડાઇઝ' જેવા અનેક અનોખા જીવો જોવા મળે છે. માત્ર સ્થાનિક આદિવાસીઓ અને કેટલાક ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકો જ આ વિસ્તારની મુલાકાત લઈ શક્યા છે.



જી.એમ.ડી.સી. દ્વારા ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ. ૨૨૩ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ





દેશની જાહેર ક્ષેત્રની અગ્રણી ખનન કંપનીઓમાંની એક ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ. ૨૨૩.૫૪ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં અર્પણ કરવામાં આવ્યો હતો.જી.એમ.ડી.સી.ની સ્થાપના ૧૯૬૩માં થઈ છે અને રાજ્ય સરકારનું આ સાહસ ખનિજ સંસાધનોના સાયન્ટીફિક, એફિસિયન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા રાજ્યના ઔદ્યોગિક તેમજ આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.જી.એમ.ડી.સી. મુખ્યત્વે લિગ્નાઈટ, બોક્સાઈટ, લાઈમસ્ટોન, ફ્લોરસ્પાર અને સિલિકા સેન્ડ સહિતના ખનિજોના ખનન અને વેચાણ સાથે સંકળાયેલી છે. ગુજરાત બહાર ઓડિશા રાજ્યમાં બૈતરણી વેસ્ટ, બુરાપહાર અને કુદાનાલી-લુબરી એમ ત્રણ કોલસા બ્લોક્સ મેળવ્યા છે તેનાથી ગુજરાતની લાંબા ગાળાની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં જી.એમ.ડી.સી. યોગદાન આપશે.જી.એમ.ડી.સી. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પણ કાર્યરત છે તથા રેર અર્થ એલીમેન્ટ્સ, તાંબું અને અન્ય વ્યૂહાત્મક ખનિજોના ક્ષેત્રોમાં વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.મુખ્યમંત્રીશ્રીને જી.એમ.ડી.સી.ના ડિવિડન્ડની રકમના રાજ્ય સરકારના ફાળાનો આ ચેક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે અર્પણ કર્યો હતો.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી અને જી એમ ડી સી ના ચેરમેન ડૉ. હસમુખ અઢિયા, જી.એમ.ડી.સી.ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી અજય ભાદુ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ

નવરાત્રીમાં વાહનોનું રિટેલ વેચાણ ૧૧ લાખને પાર

મુંબઈ : સમાપ્ત થયેલી નવરાત્રીમાં દેશમાં વાહનોનો વેચાણ આંક ૧૧ લાખ વ ાહનોને પાર કરી ગયો હતો. ૨૦૨૫ની નવરાત્રીમાં ૧૨.૦૧ લાખની સામે વર્તમાન વર્ષની નવરાત્રીમાં વાહનોનો વેચાણ આંક ૬.૫૨ ટકા નીચો રહ્યો છે. જો કે ૨૦૨૫માં નવરાત્રી ૧૧ દિવસની હતી જ્યારે વર્તમાન વર્ષમાં આ તહેવાર દસ દિવસ ચાલ્યો છે.૨૦૨૪ની નવરાત્રીની સરખામણીએ વાહનોના એકંદર વેચાણમાં વર્તમાન વર્ષની નવરાત્રીમાં ૨૬.૭૫ ટકા વધારો જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટામાં જણાવાયું હતું. ૨૦૨૪ની નવરાત્રીમાં વેચાણ આંક ૮.૮૫ લાખ વાહનો રહ્યો હતો.૧૧,૨૩,૦૮૬ વાહનોના વેચાણનો અર્થ નવરાત્રીના દસ દિવસમાં દૈનિક ૧.૧૨ લાખ જેટલા વાહનોનું રિટેલ વેચાણ થયાનું કહી શકાય એમ છે.વર્તમાન વર્ષની નવરાત્રીમાં વીજ સંચાલિત વાહનોનું વેચાણ ૨૬.૭૮ ટકા જેટલુ ઊંચુ રહ્યું છે. ગયા વર્ષની નવરાત્રીમાં ૯૨૬૨૮ની સરખામણીએ વર્તમાન વર્ષના આ તહેવારમાં વીજ વાહનોનો વેચાણ આંક ૧,૧૭,૪૩૭ સાથે ૨૬.૭૮ ટકા વધુ રહ્યો છે.

તેરા તુજકો અર્પણઃપોલીસ તંત્રને સેલ્યુટ સાથે, સર્વેલન્સથી સમાધાનનું સમગ્ર દર્શન!(સંત સુરા)

શહેરની સુરક્ષા વ્યવસ્થાનું હાર્ટ સમજવું હોય તો સર્વેલન્સ સ્ક્વોડથી લઈને જન ફરિયાદ નિકાલ સુધીની સંપૂર્ણ યાત્રા સમજવી પડે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા અનેક સ્તરે કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીમાં સૌથી અગત્યની અને આગવી ઓળખ ધરાવતી શાખા એટલે સર્વેલન્સ સ્ક્વોડ. આ સ્ક્વોડ પોલીસ વિભાગમાં એક અલગ તરી આવે છે.

પ્રજાનો મિત્ર બનવા અને દોસ્તીનો હાથ લંબાવવા માટે પોલીસની માનસિકતા બદલવી અત્યંત જરૂરી બની છે. ખાસ કરીને વધતી અને વકરતી જતી ગુનાખોરીના સંદર્ભમાં. આ હેતુસર જ સર્વેલન્સ સ્ક્વોડમાં ફરજ બજાવનાર પોલીસ કર્મી વિરુદ્ધ જો કોઈ ખાતાકીય ફરિયાદ મળે તો ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ ના નિયમ ૨૨૦, ૨૨૧(૧) અને (૨) અનુસાર કાર્યવાહી કરવાની રહે છે. જો કોઈ કર્મચારીએ ગંભીર ગેરવર્તણૂક દાખવી હોય તો બનાવની જગ્યાએ તાકીદે પહોંચી જઈને ઝૅઝિ કલમ ૩૬ હેઠળ તપાસનીશ અધિકારી તરીકેનું રૂપ ધારણ કરવું પડે છે.

બીજી મહત્વની કામગીરી એટલે ટપોરી તત્વો પર નજર. સને ૨૦૦૦ માં તત્કાલીન પોલીસ કમિશ્નર કુલદીપ શર્માના હુકમથી તમામ પોલીસ સ્ટેશનોમાં ×ટપોરી રજિસ્ટર× ખોલાયું. ૨૫ વર્ષથી આ વ્યવસ્થા અમલમાં છે. ટપોરી એટલે હિંસા, ધાકધમકી, મારામારી કરનાર, છેડતી કરનાર, દાદાગીરી કરનાર. આવા તત્વોને આશરો કે પૈસા આપનાર પણ ટપોરી ગણાય. કોઈ વ્યક્તિ ચોક્કસ કામધંધા વગર સોપારી લેવા, અછોડા તોડવા જેવી પ્રવૃત્તિ કરે તો તે ટપોરી છે. આવા તત્વો ઘણીવાર નાની ગુનાહિત પ્રવૃત્તિથી મોટા ગુના તરફ જાય છે. આ વર્ગમાંથી આયોજિત ટોળકીઓને નવા સભ્યો મળે છે. સુરત ઔદ્યોગિક શહેર હોવાથી પરપ્રાંતીય અસામાજિક તત્વો પણ અહીં વસ્યા છે, જેઓ સ્થાનિક સંયમનો ગેરલાભ લે છે. આથી જ આ રજિસ્ટર બનાવાયું.

ત્રીજો સ્તંભ ડી.સી.બી. એટલે ડીટેક્શન ઓફ ક્રાઈમ બ્રાંચ, જે કમિશ્નરની સ્વતંત્ર પાંખ છે. ઘણા અરજદારો અરજીની નકલ ડી.સી.બી.ને પાઠવે છે, જેનો દુરુપયોગ થઈ શકે. વાસ્તવમાં કમિશ્નરની પૂર્વ મંજૂરી સિવાય ડી.સી.બી. તપાસ હાથ ધરતી નથી. માત્ર દારૂ, જુગાર, વેશ્યાવૃતિ જેવી બાતમીવાળી અરજીઓ જ ધ્યાને લેવાય છે. જો અરજી કમિશ્નરને હોય અને નકલ ડી.સી.બી.ને હોય તો તે દફતરે થાય છે.

ચોથો સ્તંભ કન્ટ્રોલ રૂમ. ૧૦૦ નંબર અને નવો ૧૧૨ નંબર કાર્યરત છે. ગાંડા માણસ, અકસ્માત, આગ, ટ્રાફિક જામ, ચોરી, ઝઘડા, ચાકુબાજી, જુગાર, બિનવારસી વાહન વગેરેની વરદી અહીં નોંધાવી શકાય છે.

છેલ્લે, અરજી નિકાલની વ્યવસ્થા. નાગરિકોને મુશ્કેલી હોય તો પોલીસ પાસે અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. નનામી કે ખોટા નામની અરજી સામાન્ય રીતે દફતરે થાય છે, પરંતુ નશાબંધી, જુગારની માહિતી હોય તો તપાસ થાય છે. જો પોલીસ કર્મી વિરુદ્ધની અરજી નનામી હોય અને તથ્ય જણાય તો અધિક કમિશ્નર નિર્ણય લઈને નાયબ કમિશ્નરને મોકલે છે. સામાન્ય રીતે અરજદાર જ્યારે પોલીસ સ્ટેશનમાં અરજી આપે ત્યારે કલમ ૧૫૪ હેઠળ ફરિયાદી બને છે. ઝૅઝિ પ્રકરણ-૧૨ મુજબ અરજીઓ ત્રણ ભાગમાં વહેંચાય છે - શરીર વિરુદ્ધ પ્રકરણ-૧૬, મિલકત વિરુદ્ધ પ્રકરણ-૧૭ અને અન્ય. મેન્યુઅલ નિયમ ૧૧૩(૧૨) મુજબ શરીર વિરુદ્ધની ૨૪ કલાકમાં, મિલકત વિરુદ્ધની ૪૮ કલાકમાં અને અન્ય ૭ દિવસમાં તપાસ થાય છે. ઉપરી અધિકારી તરફથી આવતી અરજીનો જવાબ ૧૫ દિવસમાં આપવામાં આવે છે.

આ સમગ્ર બ્રહ્મ જ્ઞાન મને પોલીસ વિભાગ કનેથી જ મળ્યું છે. તેથી તેરા તુજકો અર્પણ ના ભાવથી આજના પોલીસ સંભારણા દિવસે આ સંકલન હું રિટર્ન ગિફ્ટ તરીકે સદ્ભાવનાથી અર્પણ કરું છું. શહીદ જવાનોને નમન અને ફરજ પરના જવાનોને સેલ્યુટ. જય હિન્દ, જય ગુજરાત પોલીસ!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૨'નું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે વિમોચન



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું વિમોચન કર્યું હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગવી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી – ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. સર્વશ્રી ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે.

આ દળદાર અંક ૨૮ અભ્યાસલેખો, ૨૮ નવલિકાઓ, ૧૬ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૮૯ જેટલી કાવ્ય રચનાઓથી સંપન્ન છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી ડો.વિક્રાંત પાંડે, અધિક માહિતી નિયામક શ્રી ડો.સંજય કચોટ તથા સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે સહિત માહિતી ખાતાનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રોફેસર ડો. રમેશ કુમાર રાવત વિરાજ ફાઉન્ડેશનના રાજ્ય પેટ્રન તરીકે નિયુક્ત

ચૌમુન. અશોક વિહારના રહેવાસી પ્રોફેસર ડૉ. રમેશ કુમાર રાવતને વિરાજ ફાઉન્ડેશનના રાજ્ય પેટ્રન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે સમાજ સેવા, જન કલ્યાણ અને સામાજિક કલ્યાણમાં સક્રિય છે. ફાઉન્ડેશનના રાજ્ય પ્રમુખ ભુવનેશ તિવારીએ તેમને આ નવી જવાબદારી માટે ઓફર લેટર અર્પણ કર્યો.

આ પ્રસંગે, રાજ્ય પ્રમુખ ભુવનેશ તિવારીએ જણાવ્યું હતું કે કોઈપણ સામાજિક સંગઠનની કાર્યશૈલી સમાજને સમર્પિત લોકોના સૂચનો દ્વારા માહિતગાર થાય છે. પ્રોફેસર ડૉ. રાવતનો અનુભવ અને માર્ગદર્શન ફાઉન્ડેશનના સામાજિક અને જન કલ્યાણ કાર્યને નવી દિશા આપશે.



ઉત્સવ દરમિયાન, ફાઉન્ડેશનના રાજ્ય માર્ગદર્શક, બોનરી લાલ શર્મા, રાજ્ય સલાહકાર સત્ય પ્રકાશ પારીક અને ચૌમુન શહેર પ્રમુખ, ડૉ. સીતારામ કુમાવત હાજર રહ્યા હતા. તમામ સંસ્થાઓએ પ્રોફેસર ડૉ. રમેશ કુમાર રાવતને રાજ્ય પેટ્રન તરીકે નિયુક્તિ બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેઓ સંસ્થાની પ્રવૃત્તિઓને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.વિરાજ ફાઉન્ડેશન સમાજમાં સેવા, મૂલ્યો અને સંસ્કૃતિની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે સામાજિક હિસ્સેદારો સાથે જોડાવાનો સતત પ્રયાસ કરે છે.

શૂટર્સનો ટાર્ગેટ ટાઇગર નહોતો!:દાવો- મોટી સેલિબ્રિટીને નિશાન બનાવવા માગતા હતા; ફાયરિંગ બાદ એક્ટરની તબિયતમાં સુધારો







મુંબઈના જુહૂમાં થયેલી ગોળીબારની ઘટના બાદ એક્ટર ટાઇગર શ્રોફની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. તાજેતરની તસવીરોમાં ટાઇગર પટ્ટીઓ વિના વધુ સારી સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.મંગળવારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા અને વકીલ આશિષ શેલારે ટાઇગર શ્રોફના ઘરે જઈને તેમની મુલાકાત લીધી અને તેમના સ્વાસ્થ્ય વિશે જાણકારી મેળવી.આ પહેલાં હુમલા બાદ જ્યારે પૂર્વ મુખ્યમંત્રી એકનાથ શિંદે મુલાકાત લેવા પહોંચ્યા હતા, ત્યારે ટાઇગરની છાતી, ખભા અને જમણા હાથ પર પટ્ટીઓ બાંધેલી જોવા મળી હતી.બીજી તરફ, આ મામલામાં આરોપીઓએ ખુલાસો કર્યો કે ટાઇગર તેમનો ટાર્ગેટ નહોતો. તેઓ મુંબઈમાં અન્ય કોઈ હાઈ-પ્રોફાઇલ વ્યક્તિની હત્યાના ઇરાદે આવ્યા હતા.મામલા અંગે સૂત્રોને ટાંકીને એનડીટીવીએ દાવો કર્યો છે કે શૂટરોનું અસલી નિશાન ટાઇગર શ્રોફ નહોતા. રવિવારે સાંજે જુહુમાં ફૂટબોલ મેચ રમીને પરત ફરી રહેલા ટાઇગરની કાર પર બિહારના ઋતિક ઉર્ફે રોશન (૨૨) અને હરિયાણાના રેહાન (૧૮) તથા ફૂલ સિંહ (૧૮)એ તાબડતોબ ગોળીઓ ચલાવી હતી.મંગળવારે પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ ખુલાસો કર્યો કે તેઓ મુંબઈમાં અન્ય એક હાઈ-પ્રોફાઇલ વ્યક્તિની હત્યાના ઇરાદે આવ્યા હતા, પરંતુ કડક સુરક્ષાને કારણે ત્યાં સુધી પહોંચી ન શકતાં તેમણે પ્રશંસકોની રીલ્સ દ્વારા ટાઇગરની સુરક્ષાનો અંદાજ લીધો અને તેમને પોતાનું નિશાન બનાવી લીધા.હુમલાખોરોએ તેમના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ્સ પરથી લોકેશન ટ્રેક કરીને બોલિવૂડમાં દહેશત ફેલાવવા માટે ટાઇગર પર ૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ બંદૂક જામ થતાં તેઓ અને તેમના ડ્રાઇવર ઈજાગ્રસ્ત હાલતમાં ગાડી ચલાવીને ત્યાંથી નીકળવામાં સફળ રહ્યા હતા.ભાજપના નેતા આશિષ શેલારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુલાકાતની તસવીરો શેર કરતાં જણાવ્યું કે જુહૂમાં થયેલી દુર્ભાગ્યપૂર્ણ ગોળીબારી બાદ તેમણે ટાઇગર સાથે મુલાકાત કરી. શેલારે લખ્યું કે આપણા સમાજમાં આ પ્રકારની હિંસક ઘટનાઓ માટે કોઈ સ્થાન નથી. તેમણે અભિનેતા જલ્દી સંપૂર્ણ સ્વસ્થ થાય તેવી શુભેચ્છા પાઠવી.૧૮ ઑક્ટોબરે થયેલા હુમલા બાદ સામે આવેલી તસવીરોમાં તેમના શરીર પર ઈજાના નિશાન અને પટ્ટીઓ સ્પષ્ટ દેખાઈ રહી હતી. તેમના જમણા હાથ પર કોણીથી લઈને પંજા સુધી પટ્ટી બાંધવામાં આવી હતી અને છાતી પર ડ્રેસિંગ કરવામાં આવ્યું હતું.જોકે, આશિષ શેલાર સાથે થયેલી તાજેતરની મુલાકાતની તસવીરોમાં ટાઇગર કોઈપણ પટ્ટી વિના સામાન્ય દેખાઈ રહ્યા છે.૧૮ ઑક્ટોબરની સાંજે જુહૂના પુષ્પા પાર્ક વિસ્તારમાં ફૂટબોલ રમીને ઘરે પરત ફરતી વખતે ત્રણ અજાણ્યા બાઇક સવાર હુમલાખોરોએ ટાઇગરની કાર પર ફાયરિંગ કર્યું હતું. આ અચાનક થયેલા હુમલામાં ટાઇગર સુરક્ષિત રહ્યા, પરંતુ તેમના ડ્રાઇવર ઘાયલ થયા હતા. ઘટના બાદ તરત જ ટાઇગર પોતે કાર ચલાવીને પોતાના ડ્રાઇવરને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.ટાઇગર શ્રોફ પર થયેલા હુમલાને લઈને મુંબઈ પોલીસે સોમવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મુંબઈ પોલીસના ડીસીપીએ જણાવ્યું કે જે રીતે ગોળીઓ ચલાવવામાં આવી હતી, તેનાથી સ્પષ્ટ થાય છે કે આરોપીઓ હત્યાના પ્લાન સાથે જ આવ્યા હતા.દરમિયાન ટાઇગરની કાર પર ફાયરિંગ કરનારા હુમલાખોરોને ૧૫ કલાકમાં રાજસ્થાનના કોટા રેલવે સ્ટેશન પરથી પકડી લેવામાં આવ્યા. ટાઇગર પર રવિવારે સાંજે ૭ વાગ્યે હુમલો કરવામાં આવ્યો હતો.



ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO:158
વિષય : સાહિત્યિક મંચનું આંતરિક રાજકારણ
શીર્ષકઃ સર્જક માટે પડકાર
પ્રકારઃપદ્ય શબ્દોઃ૯૨

સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ અપાર,
વર્તમાન સમયમાં સર્જક માટે છે મોટો પડકાર!

આજે સાહિત્યિક ક્ષેત્ર કાર્યરત અનેક મંચો પર,
બદલાવ પરિસ્થિતિમાં મીડિયા તણો આવિષ્કાર!

સાહિત્યનું સર્જન સર્જક કરે છે અમૂલ્ય,
સાહિત્યમાં છીછરાંપણુ બદલાયું છે મૂલ્ય!

ધનથી જે જન કરે સાહિત્યનું સન્માન,
સાહિત્યકાર તે નથી તે છે દલાલીની દુકાન!

સાહિત્યમાં ન થવો જોઈએ સંબંધોનો વેપાર,
સમાજનું છે દર્પણ મૂલ્ય આંકી કરવો વ્યવહાર!

'પ્રેમ' સાહિત્ય મંચોમાં સર્જકોનું થવું જોઈએ સન્માન,
નિષ્પક્ષના પારદર્શિતા સર્જકોની જાળવીએ ગરીમા માન!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા
★★★★★★★
NOGSS NO: 345
વિષયઃ સાહિત્યિક મંચોનું આંતરિક રાજકારણ
શીર્ષકઃ સાહિત્ય મંચ
પ્રકારઃગદ્ય શબ્દોઃ૩૦૧

સાહિત્યના મંચ પરથી જ્યારે શબ્દ બોલાય છે ત્યારે એવું લાગે કે હવે સત્ય બોલાશે. પણ અફસોસ, મંચ તો પહેલા જ નક્કી કરી લે છે કે કયું સત્ય બોલવું અને કયું ગળી જવું.

અમુક મંચો બાદ કરતા, બહારથી જોતાં આ મંચો એકદમ પવિત્ર લાગે. દીપ પ્રાગટ્ય, સરસ્વતી વંદના, શાલ ઓઢાડવી અને તાળીઓ. પણ અંદરખાને એ બધું એક ગોઠવાયેલું નાટક હોય છે.

અહીં સાહિત્ય કરતાં સંબંધ મોટો છે. તમારી કલમ કેટલી ધારદાર છે એ નહીં, તમે કોના માણસ છો એ જોવાય છે. એક જૂથ છે, જે વર્ષોથી ખુરશીઓ પકડીને બેઠું છે. તેઓ જ નક્કી કરે છે કોને બોલાવવો, કોને પુરસ્કાર આપવો અને કોને હંમેશા માટે અવગણવો.

નવો લખનારો જો આવે તો પહેલા તેની કસોટી થાય છે. તે કેટલો નમી શકે છે? તે વડીલોને કેટલા પ્રણામ કરી શકે છે? જો તે સીધો ઊભો રહેવા માગે, પોતાના સત્ય સાથે, તો તેને કહેવામાં આવે છે કે તેનામાં વિવેકનો અભાવ છે, તે સિનિયરોનું સન્માન કરતા નથી શીખ્યો.

અને સૌથી મોટી કરુણતા એ છે કે, જે મંચે સમાજનું દર્પણ બનવાનું હતું, એ જ મંચે પોતાના જ ચહેરા જોવાનું શરૂ કરી દીધું છે. ત્યાં પ્રશંસાના પુલ બંધાય છે, એકબીજાની પીઠ થાબડવામાં આવે છે. તમે મહાન, હું મહાનની રમત ચાલે છે, અને સાચો ભાવક, સાચો શ્રોતા બહાર ઊભો રહી જાય છે.

પુરસ્કારો પણ હવે લાયકાતથી નહીં, લોબીથી મળે છે. કોનો ફોન કોના સુધી પહોંચ્યો, કોણ કોના પુસ્તકનું વિમોચન કરશે, આ બધા હિસાબો અંદરથી ગોઠવાઈ જાય છે.

છતાં, આ બધા ધુમાડાની વચ્ચે ક્યાંક એક દીવો હજી બળે છે. કોઈ ખૂણામાં બેસીને કોઈ હજી પણ કોઈની પરવા કર્યા વગર લખે છે. તેને મંચ નથી જોઈતો, માઈક નથી જોઈતું. તેને ફક્ત એક વાંચક જોઈએ છે જે તેના શબ્દને સમજે.

અને કદાચ સાહિત્ય ત્યાં જ જીવતું રહે છે. મંચ પર નહીં, પણ મંચની બહાર.

હંસા ઝાલા "લાગણી"(સુરત)

INDIAN AIR FORCE ENGAGES INDUSTRY
OUTREACH PROGRAMME ON UNMANNED AND AUTONOMOUSSYSTEMS ROADMAP ON 21 OCT 26“““



Indian Air Force (IAF) conducted an Industry Outreach Programme at Vigyan Bhawan, New Delhi, on 21 October 2026, to engage with stakeholders, Micro, Small and Medium Enterprises (MSMEs), startups and industry partners to share IAF's long-term capability requirements in the field of unmanned and autonomous systems. The programme was chaired by Air Marshal Premkumar K, VM, VSM, Director General (Weapon Systems), Air Headquarters. Around 100 representatives from various drone companies and affiliated industry partners participated, reflecting the growing engagement between IAF and India's unmanned ecosystem.““The programme provided a formal Platform for IAF to articulate its operational requirements and technological priorities, building on the IAF Unmanned and Autonomous Systems Roadmap' released during IAF Dronathon 2026 at Pokhran on 14 September 2026.““Today's event marked an engagement, where IAF not only elucidated their future requirements, but also distributed 'IAF's Roadmap booklet' to the industry partners.

આપણે જમીએ તે પહેલા ભૂખ્યાને જમાડીએ ૧૫૦૦ થી જરૂરિયાતમંદોને ભોજન કરાવી તેમના ચહેરા પર હાસ્ય રેલાવ્યું

અમદાવાદ : ગોપાલ આવાસ મહાવીર ગોપાલ મહેક સેવા સંકુલ માં તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬

દશેરાના પર્વે અનેક સ્થળોએ રાવણ દહન પાછળ હજારો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, ત્યારે મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રી ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટ દ્વારા માનવતાની સુવાસ ફેલાવતી અનોખી ઉજવણી કરવામાં આવી હતી. બંને ટ્રસ્ટ દ્વારા ૧૫૦૦ જરૂરિયાતમંદ લોકોને ફાફડા, જલેબી, રોટલી, શાક અને દાળ-ભાત સહિતનું સંપૂર્ણ ભોજન કરાવવામાં આવ્યું હતું.

દશેરાના દિવસે મોંઘા ફાફડા-જલેબીનો સ્વાદ માણવો અનેક ગરીબ પરિવારો માટે માત્ર એક સપનું હોય છે. ટ્રસ્ટના આ સેવાકાર્યથી જરૂરિયાતમંદોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી અને તેમના આશીર્વાદથી સેવાકાર્ય સફળ બન્યું હતું. સંકુલ, ઝૂંપડપટ્ટી, રેન બસેરા સહિત વિવિધ સ્થળોએ જરૂરિયાતમંદો સુધી ભોજન પહોંચાડવામાં આવ્યું હતું.

ટ્રસ્ટ દ્વારા દરેક તહેવારની ઉજવણી જરૂરિયાતમંદોને તહેવારને અનુરૂપ ભોજન કરાવીને કરવામાં આવે છે. ટ્રસ્ટનો



સંદેશ છે કે ''આપણે જમીએ તે પહેલાં કોઈ ભૂખ્યાને જમાડીએ, કારણ કે બીજાના ચહેરા પર સ્મિત લાવવાનો આનંદ જ સાચી ઉજવણી છે.''

રાવણ દહન સાથે અનિષ્ટનો નાશ કરવાનો સંદેશ તો સૌ આપે છે, પરંતુ ભૂખ્યાને ભોજન કરાવી માનવતાની જ્યોત પ્રગટાવવી એ પણ દશેરાની સાચી સાર્થકતા છે.-વસંત મહેતા (દાદુ)

મૃત્યુ બધાને આવે છે,પણ મૃત્યુ જોવું બધાને નથી આવડતું

મૃત્યુને ઉત્સવ બનાવનારી કળા - અંતકાળે જે યાદ આવે તે જ ગતિ થાય, અને જપ એ ગતિને મુક્તિ બનાવે છે

કળિયુગમાં સ્વરૂપ સેવા નહીં, નામ સેવા ફળે છે,નારદજીના મુખે ભાગવતનું પહેલું બીજા રોપણ

આપણે જીવન કેવી રીતે જીવવું તેની ચિંતા કરીએ છીએ, પણ શાસ્ત્ર કહે છે - જીવન કેવી રીતે છોડવું તે શીખો. કારણ કે આખું જીવન જેની પાછળ ગયું હશે, તે અંતકાળે યાદ આવશે.

જે માણસ આખી જિંદગી રૂપિયાની પાછળ દોડ્યો હશે,તેને મરતી વખતે રૂપિયા યાદ આવશે.જે સ્ત્રી પાછળ દોડ્યો હશે તેને સ્ત્રી યાદ આવશે, જે મકાન પાછળ દોડ્યો હશે તેને મકાન યાદ આવશે.અને જે ભગવાનની પાછળ દોડ્યો હશે તેને ભગવાન યાદ આવશે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે - "અંતકાલે ચ મામેવ સ્મરન્મુક્ત્વા કલેવરમ"- અંતકાળે જે મારું સ્મરણ કરીને શરીર છોડે છે તે મને જ પામે છે.

પણ અંતકાળે ભગવાન યાદ આવે કેવી રીતે? મન ઈશ્વરમાં હોય અને ઈશ્વર સ્મરણ કરતાં શરીર છૂટી જાય, તો મુક્તિ મળે છે. પણ મનને ઈશ્વરનું સ્મરણ સતત કરાવવા જપ વગર કોઈ સાધન નથી.જીભથી જપ અને મનથી સ્મરણ - આ બે પાંખોથી જ જીવ ઉડીને મુક્તિ સુધી પહોંચે છે.

નારદજી પોતાના પૂર્વ જન્મની કથાનો છેલ્લો ભાગ વ્યાસજીને કહે છે ત્યારે આ જ રહસ્ય ખોલે છે - હું મૃત્યુને કેવી રીતે ઉત્સવ બનાવી શક્યો અને દાસીપુત્રમાંથી દેવર્ષિ થઈને ગોલોક સુધી કેવી રીતે પહોંચ્યો.

અંતકાળ સુધરે તો બધું સુધરે - મારું મૃત્યુ મેં પ્રત્યક્ષ જોયું.

નારદજી કહે છે - અંતકાળ સુધી મારો જપ ચાલુ હતો. છેવટે અંતકાળમાં રાધાકૃષ્ણનું ચિંતન કરતાં, મેં શરીરનો ત્યાગ કર્યો. મારું મૃત્યુ મેં પ્રત્યક્ષ જોયું. મને મૃત્યુકષ્ટ થયું નહીં.

આ વાક્યમાં ત્રણ મોટા રહસ્યો છે.

પહેલું - અંતકાળ સુધી જપ ચાલુ હતો. મોટાભાગના લોકો જપ શરૂ કરે છે, પણ અંત સુધી ચાલુ નથી રાખતા. વચ્ચે છોડી દે છે. નારદે છોડ્યો નહીં.

બીજું - રાધાકૃષ્ણનું ચિંતન કરતાં શરીર છોડ્યું. માત્ર કૃષ્ણ નહીં, રાધાકૃષ્ણ. રાધા એટલે પ્રેમ અને કૃષ્ણ એટલે પ્રેમનો વિષય. પ્રેમ સાથે પ્રભુને યાદ કર્યા.

ત્રીજું - મારું મૃત્યુ મેં પ્રત્યક્ષ જોયું. સામાન્ય માણસ મૃત્યુમાં બેહોશ થઈ જાય છે. તેને ખબર પણ નથી પડતી કે તે મરી રહ્યો છે. પણ યોગી પોતાના મૃત્યુને જુએ છે. જેમ કોઈ જૂનું કપડું ઉતારતું હોય તેમ શરીર છોડે છે. તેને કષ્ટ થતું નથી. કારણ કે તેનું મન શરીરમાં ન હતું, કૃષ્ણમાં હતું. શરીર છૂટે ત્યારે દુઃખ મનને થાય, પણ મન જો કૃષ્ણમાં હોય તો દુઃખ કોને થાય? આથી જ કહ્યું છે - મન ઈશ્વરમાં હોય અને શરીર છૂટે તો મુક્તિ.

દાસીપુત્રમાંથી બ્રહ્માજીનો પુત્ર નારદ કેવી રીતે બન્યો?

તે પછી હું બ્રહ્માજીને ત્યાં જન્મ્યો, મારું નામ નારદ રાખવામાં આવ્યું. પૂર્વજન્મમાં કરેલાં ભજનથી મારું મન સંસાર તરફ જતું નથી. હવે મારું મન ચંચલ થતું નથી. હવે હું સતત પરમાત્માના દર્શન કરું છું.

આ છે જપનું ફળ. પૂર્વ જન્મમાં કરેલો જપ આ જન્મમાં પણ સાથે આવે છે. જે ધન તમે બેંકમાં મૂકશો તે આ જન્મમાં જ રહેશે, પણ જે જપ તમે મનમાં મૂકશો તે આગલા જન્મમાં પણ સાથે આવશે.

બ્રહ્માજીને ત્યાં જન્મ્યો છતાં મન સંસાર તરફ નથી જતું. કેમ? કારણ કે પૂર્વ જન્મના સંસ્કાર એટલા મજબૂત છે. જેમ અત્તરની શીશી ખાલી થઈ જાય તો પણ સુગંધ રહે છે,તેમ શરીર છૂટે તો પણ ભજનની સુગંધ રહે છે.

આજે આપણે ફરિયાદ કરીએ છીએ-મન ચંચલ છે, મન લાગતું નથી. તેનું કારણ છે પૂર્વ જન્મના ભજનનો અભાવ. જો આ જન્મમાં ભજન કરશો તો આવતા જન્મમાં મન ચંચલ નહીં થાય. આ રોકાણ છે. ગોલોકમાં રાસલીલા અને વીણાનો પ્રસાદ.એક દિવસ હું ગોલોક ધામમાં ગયો. જ્યાં સતત રાસલીલા થાય છે.ત્યાં રાધાકૃષ્ણનાં મને દર્શન થયા. હું કીર્તનમાં તન્મય થયો હતો. શ્રીકૃષ્ણકીર્તનમાં મને અતિ આનંદ થયો.

ગોલોક એટલે જ્યાં સતત રાસ લીલા થાય છે. રાસલીલા એટલે શું?જીવાત્મા અને પરમાત્માનું નૃત્ય. ત્યાં કોઈ એકલું નથી,બધા સાથે નાચે છે.

પ્રસન્ન થઈ રાધાજીએ મારા માટે પ્રભુને ભલામણ કરી કે નારદજીને પ્રસાદ આપો. આ જુઓ-ભક્તિના માર્ગમાં રાધાજીની ભલામણ જોઈએ. કૃષ્ણ તો ન્યાયાધીશ છે, પણ રાધા વકીલ છે. તે ભલામણ કરે ત્યારે કૃષ્ણ પ્રસાદ આપે છે.

શ્રીકૃષ્ણે મને પ્રસાદ આપ્યો. વ્યાસજીએ પૂછ્યું, ભગવાને પ્રસાદમાં તમને શું આપ્યું?

નારદજીએ કહ્યું, મને પ્રસાદીમાં પ્રભુએ તંબૂરો આપ્યો ને કહ્યું કે, શ્રીકૃષ્ણકીર્તન કરતો કરતો જગતમાં ફરજે, અને મારાથી વિખૂટા પડેલા સંસાર પ્રવાહમાં તણાતા અધિકારી જીવને મારી પાસે લાવજે.

કેટલો મોટો પ્રસાદ! કોઈને ભગવાને સોનું આપ્યું હોત, કોઈને મુક્તિ આપી હોત. પણ નારદને શું આપ્યું? તંબૂરો. એટલે કે કીર્તનનું સાધન. ભગવાને કહ્યું - તું કીર્તન કર અને જે જીવ મારાથી વિખૂટા પડી ગયા છે, સંસારના પ્રવાહમાં તણાઈ રહ્યા છે, તેને મારી પાસે લાવ.

આજથી નારદનું કામ શું? ભગવાન નો પટાવાળો બનવાનું. ખોવાયેલા જીવોને શોધીને ભગવાન પાસે લાવવાનું.બસ ત્યારથી આ વીણા લઈ હું જગત ભ્રમણ કરું છું, કીર્તન કરું છું, અને અધિકારી જીવોને પ્રભુના ધામમાં લઈ જાઉં છું. સમુદ્રમાં એક ડૂબકીએ રત્ન મળતાં નથી. પણ વારંવાર ડૂબકી મારતા રહીએ તો કોઈ વખત રત્ન મળી આવે. મને કોઈ વખત લાયક જીવ મળી જાય છે, મને રસ્તામાં ધ્રુવ મળ્યો. પ્રહ્લાદ મળ્યો. તેઓને પ્રભુ પાસે લઈ ગયો!

કીર્તનથી સંબંધ બદલાય છે - કળિયુગમાં નામ જ તરે છે.હવે જ્યારે હું ઈચ્છું ત્યારે કનૈયો મને ઝાંખી આપે છે. મારી સાથે કનૈયો નાચે છે. હું મારા ઠાકોરજીનું કામ કરું છું તેથી હું ભગવાનને બહુ વહાલો લાગું છું.જુઓ-પહેલા નારદ ભગવાનની ઝાંખી માટે તરસતા હતા, હવે ભગવાન નારદ સાથે નાચે છે. કેમ? કારણ કે હવે નારદ પોતાના માટે નહીં, ભગવાનના કામ માટે જીવે છે.

કીર્તનથી સંસાર સાથેના સંબંધ છૂટે છે અને પ્રભુ સાથે સંબંધ બંધાય છે. માટે સંસારનું ધ્યાન છોડવાનો પ્રયત્ન કરો, જીભથી પ્રભુનું કીર્તન, મનથી તેનું ચિંતન અને દૃષ્ટિથી તેમના સ્વરૂપને જોશો તો જ કીર્તનમાં આનંદ આવશે.

કળિયુગમાં નામ-સંકીર્તન એ જ ઉગરવાનો ઉપાય છે.કીર્તન કરવાથી પાપ બળે છે, હૃદય વિશુદ્ધ થાય છે, પરમાત્મા હૃદયમાં આવે છે. પરમાત્માની પ્રાપ્તિ થાય છે. એટલે કથામાં કીર્તન થવું જોઈએ. કીર્તન વગર કથા પરિપૂર્ણ થતી નથી.

કળિયુગમાં સ્વરૂપ સેવા જલદી ફળતી નથી પણ સ્મરણ-સેવા એટલે કે નામ-સેવા તરત ફળે છે. સતયુગમાં ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞથી, દ્વાપરમાં પૂજાથી મુક્તિ મળતી હતી. કળિયુગમાં માત્ર નામથી. કારણ કે કળિયુગનો માણસ આળસુ છે, તેની પાસે સમય નથી. તેના માટે ભગવાને સૌથી સરળ સાધન આપ્યું-નામ.સત્સંગ તો કામ ધેનુ છે-પારસમણિ કરતાં પણ મોટો સત્સંગનો મોટો મહિમા છે.જે સત્સંગ કરે છે તે સંત બને છે. શ્રીકૃષ્ણકથાથી મારું જીવન સુધર્યું. શ્રીકૃષ્ણકથા સાંભળી મને સાચું જીવન મળ્યું! આપ મને જે માન આપો છો, તે સત્સંગને લીધે જ છે. સત્સંગથી જ હું માનને લાયક છું. સત્સંગથી ભીલ બાળકો સાથે રખડનાર હું દેવર્ષિ બન્યો.

નિમ્નકોટિના દાસીપુત્ર છતાં સાચા સંતોની સેવાથી નારદનું જીવન સુધર્યું. સંતો પોતે જ તીર્થસ્વરૂપ છે. સંત જંગમ તીર્થ છે. સ્થાવર તીર્થ તો એક જગ્યાએ રહે છે, પણ જંગમ તીર્થ એટલે ચાલતું તીર્થ - સંત તમારા ઘરે આવે છે.

પારસમણિ લોઢાનું સોનું કરે છે, પણ લોઢાને પારસમણિ બનાવતો નથી, ત્યારે સંતો તેમના સંસર્ગમાં આવેલાને પોતાના જેવા સંત બનાવે છે.સંતોનો આ ચમત્કાર

આભાર - નિહારીકા રવિયા છે.

માનવ દેવ થવા સર્જાયો છે. માનવને દેવ થવા માટે ચાર ગુણોની જરૂર છે - સંયમ, સદાચાર, સ્નેહ અને સેવા. આ ગુણો સત્સંગ વગર આવતા નથી. સત્સંગનું ફળ ભાગવતમાં બતાવ્યું છે.નારદના ચરિત્રથી મનુષ્ય માયાનો દાસ બન્યો છે. સત્સંગથી તે એમાંથી છૂટી શકે છે. ભક્તિનો રંગ લાગે, તેને સત્સંગ વિના ચેન પડતું નથી.

સત્સંગ તો કામધેનુ છે. કામધેનુ જે માગો તે આપે, પણ સત્સંગ માગ્યા વગર પણ બધું આપે. દાન, ધ્યાન, સ્નાન અને જપયજ્ઞ - સૌથી મોટો યજ્ઞ કયો?

નારદચરિત્ર એ ભાગવતનું બીજા રોપણ છે. સત્સંગ અને સેવાનું ફળ બતાવવાનો આ ચરિત્રનો ઉદ્દેશ છે.

અંતે નારદ સાર કહે છે-દાનથી ધન ની શુદ્ધિ થાય છે,ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે,અને સ્નાનથી શરીર ની શુદ્ધિ થાય છે. પરોપકારથી પણ મનની મલિનતા પૂરી ધોવાતી નથી. એ માટે ધ્યાન-તપની જ જરૂર છે.

આજે લોકો દાન કરે છે, સેવા કરે છે, પણ મન શુદ્ધ થતું નથી. કેમ? કારણ કે દાનથી ધન શુદ્ધ થાય, પણ મન નહીં. મન શુદ્ધ કરવા માટે ધ્યાન અને જપ જોઈએ.

એટલે તો ભગવાને ગીતામાં કહ્યું છે કે,હું પોતે જ જપયજ્ઞ છું. "યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ"- બધા યજ્ઞોમાં જપ યજ્ઞ શ્રેષ્ઠ છે. કારણ કે બીજા બધા યજ્ઞોમાં પૈસા જોઈએ,સામગ્રી જોઈએ, બ્રાહ્મણ જોઈએ,પણ જપયજ્ઞમાં માત્રજીભ અને મન જોઈએ.જેની પાસે કંઈ નથી, તે પણ જપયજ્ઞ કરી શકે છે.

નારદ આજે પણ ફરે છે.તેની વીણા માંથી"નારાયણ નારાયણ"નો અવાજ આજે પણ આવે છે. તે અધિકારી જીવને શોધે છે.અધિકારી જીવ કોણ?જેને સાંભળવું છે, જેને તરવું છે, જેને સંસારના પ્રવાહમાંથી બહાર નીકળવું છે.તમે જો કીર્તન સાંભળો કથા સાંભળો, જપ કરો, તો નારદ તમને જોઈ જશે. તે તમને પ્રભુ પાસે લઈ જશે.માટે આજથી ત્રણ વસ્તુ નક્કી કરો-જીભથી પ્રભુનું કીર્તન કરો.મન થી તેનું ચિંતન કરો. દૃષ્ટિથી તેના સ્વરૂપને જુઓ.

કળિયુગમાં આ જ ત્રિવેણી તરશે. દાન કરો,પણ સાથે જપ કરો.સ્નાન કરો,પણ સાથે સ્મરણ કરો.સત્સંગ કરો, કારણ કે સત્સંગ વિના કોઈ તરી શકતું નથી.

નારદ દાસીપુત્રમાંથી દેવર્ષિ બન્યો, તો તમે કેમ ન બની શકો?તેની પાસે તો કંઈ ન હતું, તમારી પાસે તો બધું છે. માત્ર એક વીણા ઉઠાવો, એક નામ લો.નારાયણ નારાયણ - આ જપ જ તમારી પાછળ ભગવાનને ફેરવશે.

★ યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે મહિલાઓના કાયદાકીય અધિકારો અને મહિલાલક્ષી યોજનાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગરઃ

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત મહિલા આઈ.ટી.આઈ., ગાંધીનગર ખાતે મહિલાઓના કાયદાકીય અધિકારો, મહિલા સુરક્ષા અને વિવિધ સરકારી યોજનાઓ અંગે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા આઈ.ટી.આઈ.ના મહિલા કર્મચારીઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમ દરમિયાન મહિલાઓ અને દીકરીઓ પર થતા વિવિધ પ્રકારના અત્યાચાર, ઘરેલુ હિંસા તથા અન્ય શોષણની પરિસ્થિતિમાં પોતાના અધિકારોનું રક્ષણ કેવી રીતે કરવું અને ન્યાય મેળવવા માટે કાયદાકીય માર્ગ અપનાવીને આગળ કેવી રીતે વધવું તે અંગે તજજ્ઞો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજનાના કર્મચારીઓ દ્વારા મહિલા સશક્તિકરણ અને કલ્યાણ અર્થે અમલમાં રહેલી વિવિધ સરકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પીડિત મહિલા કે દીકરીને તાત્કાલિક સહાય અને કાઉન્સેલિંગ મળી રહે તે માટે ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇન, સખી વન સ્ટોપ સેન્ટર તથા મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા મળતી સેવાઓ અને કાયદાકીય મદદ મેળવવાની પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ જાગૃતિ કાર્યક્રમમાં ૧૮૧ મહિલા અભયમની ટીમ, સખી વન સ્ટોપ સેન્ટરના પ્રતિનિધિઓ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધિકારીશ્રી, જિલ્લા કોર્ટના ડિફેન્સ કાઉન્સેલર તથા સંકલિત બાળ વિકાસ સેવા વિભાગના પૂર્ણા કન્સલ્ટન્ટ હિંજાબેન ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપસ્થિત મહાનુભાવોએ મહિલાઓ અને દીકરીઓને તેમના કાયદાકીય અધિકારો, સુરક્ષા, ન્યાય મેળવવાની પ્રક્રિયા તથા સ્વાસ્થ્ય જાળવણી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓ અને દીકરીઓને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો, અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરવાનો અને જરૂરિયાતના સમયે ઉપલબ્ધ સરકારી સહાય તથા કાયદાકીય સેવાઓનો સરળતાથી લાભ લેવા માટે સક્ષમ બનાવવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર સંચાલિત ૧૮૱ઈઓ યોજનાની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા ગ્રામ્ય માર્ગો પર ડામર પેચ વર્ક શરૂ



ડાંગ આહવા : તા : ૨૨: ચોમાસાની ઋતુ પૂર્ણ થતાંની સાથે જ રસ્તાઓના પુનઃનિર્માણ અને સમારકામ અર્થે ડાંગ જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાઢવી-જામલાપાડા રોડ, પિપલાઈદેવી -ધવલીદોડ રોડ અને કાહડોધોડી મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ પુરવા માટે ડામર પેચ વર્કની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.વરસાદના કારણે આ વ્યસ્ત માર્ગ પર ખાડા પડી જવાથી વાહનચાલકો અને સ્થાનિક રહીશોને મુસાફરીમાં ભારે અગવડતાનો સામનો કરવો પડતો હતો. ચોમાસું વિધિવત પૂર્ણ થતાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પેચ વર્ક કામગીરી વર્ક શરૂ કરવામાં આવી છે. આ રસ્તાનું સમારકામ સત્વરે પૂર્ણ થવાથી વાહનવ્યવહાર વધુ સુગમ અને સુરક્ષિત બનશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ આહવા દ્વારા હાથ ધરવામાં આવેલી આ કામગીરીનો મુખ્ય હેતુ માર્ગની સપાટીને સુદૃઢ બનાવી વાહન વ્યવહારને વધુ સુગમ બનાવવો, વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવી, સંભવિત અકસ્માતોને અટકાવવા તેમજ માર્ગની ગુણવત્તામાં સુધારો કરવો માટેનો છે.

સોલારના નાણાંના વિવાદમાં 'તોડ'ના નવ કરોડ પૈકી પાંચ કરોડ પોલીસના !

બાકીના ૪ કરોડ નેતાના, પોલીસે માત્ર ૧૦ દિવસમાં રિકવરી કરી આપતા ખાખી-રાજકીય સાઠગાંઠની ભારે ચર્ચા

સુરતઃ શહેરના કાપડ બજાર અને વ્યાપારી વર્તુળોમાં તાજેતરમાં સામે આવેલો કરોડો રૂપિયાની છેતરપિંડીનો એક ચર્ચા અને વિવાદના કેન્દ્રમાં આવ્યો છે. સામાન્ય રીતે મહિનાઓ સુધી ન ઉકેલાતા કેસો વચ્ચે માત્ર ૧૦ જ દિવસમાં અંદાજે ૧૫થી ૧૬ કરોડ રૂપિયાની ઝડપી રિકવરી થતાં પોલીસની કાર્યશૈલી સામે અનેક ગંભીર આક્ષેપો ઊભા થયા છે.

અહેવાલો અને લોકચર્ચા મુજબ આ કેસમાં કાયદેસરની પ્રક્રિયા કરતાં 'બારોબાર સેટલમેન્ટ' અને કરોડો રૂપિયાના તોડની ગંધ આવી રહી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.ચર્ચાતી વિગતો અનુસાર સોલાર ઈક્વિપમેન્ટ્સ સાથે સંકળાયેલા આ ફ્રોડ કેસમાં એક વિવાદિત પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા રાતોરાત સમગ્ર મામલો થાળે પાડી દેવાયો હતો. જોકે, આ ઝડપી કામગીરી પાછળ કાયદાકીય તપાસ નહીં પરંતુ કથિત 'સોપારી કલ્ચર' કામ કરી ગયું હોવાના આક્ષેપ વ્યાપારી

૫ કરોડ પોલીસના અને ૪ કરોડ નેતાના? તોતિંગ ભાગીદારીના આક્ષેપોઆ આખા પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત વહીવટી અને રાજકીય કમિશનની ચર્ચા છે. સુરત શહેરમાં ચાલતી ચર્ચા મુજબ સમગ્ર રિકવરીમાં કથિત રીતે ૪૦થી ૫૦ ટકા જેટલી તોતિંગ કમિશનની ભાગીદારી નક્કી થઈ હતી. ૧૫ કરોડથી વધુની રિકવરી સામે પોલીસ અધિકારીઓના ભાગે અંદાજે ૫ કરોડ રૂપિયા જવાની વાત વહેતી થઈ છે. આ મામલામાં એક વગદાર રાજકીય આગેવાને મધ્યસ્થી કરીને ૩થી ૪ કરોડ રૂપિયાનો ખેલ પાડ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

તપાસથી બચવા સેકન્ડ કેડરનો ઢાલ તરીકે મ તરીકે ઉપયોગ?

વિવાદમાં સપડાયેલા મુખ્ય પીઆઈ સામે એવો પણ આક્ષેપ થઈ રહ્યો છે કે ભવિષ્યમાં જો કોઈ ઉચ્ચસ્તરીય તપાસ આવે તો કાગળ પર પોતાનું નામ ન આવે તે માટે સેકન્ડ કેડરના જુનિયર અધિકારીઓને આગળ ધરીને સમગ્ર કાગળિયાં સેટ કરી દેવાયા છે. ગણતરીના મહિનાઓ માટે સુરતમાં પોસ્ટિંગ મેળવીને આ પ્રકારનાં મોટાં સેટલમેન્ટ્સ પાર પાડવાની નીતિ સામે પોલીસ બેડામાં પણ ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.

નિષ્પક્ષ તપાસ અને કડક પગલાંની ઊઠતી માંગ

મીડિયા અહેવાલો બાદ સમગ્ર પોલીસ તંત્ર અને સચિવાલય સુધી આ મામલાના પડઘા પડ્યા હોવાની ચર્ચા છે. જો પોલીસ જ વસૂલી એજન્સીની જેમ કામ કરતી હોવાના આક્ષેપો સાચા સાબિત થાય, તો તે રાજ્યની કાયદો-વ્યવસ્થા અને સામાન્ય વેપારીઓના વિશ્વાસ માટે ઘાતક સાબિત થઈ શકે છે. હાલમાં જાગૃત નાગરિકો અને વેપારી આલમ તરફથી એવી માંગ ઊઠી રહી છે કે ગૃહ મંત્રાલય અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ તમામ આક્ષેપો અને ચર્ચાઓની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરાવે, જેથી સત્ય સામે આવી શકેવર્તુળોમાં થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓને બંધ બારણે અટકાયતમાં રાખી, માનસિક દબાણ ઊભું કરી અને કાનૂની કે રાજકીય મદદ ન મળે તે રીતે તોડી પાડીને માલની રિકવરી કરાઈ હોવાની ચર્ચા છે. એટલું જ નહીં રિકવરી કરાયેલાં બે કન્ટેનર વિધિવત સીઝ કરવાને બદલે સીધા જ મૂળ અરજદારને સુપરત કરી દેવાયાં હોવાનો પણ ગંભીર આક્ષેપ છે.



અસલાલી પોલીસ સ્ટેશન ખાતે વિજયાદશમી એટલે દશેરા પવિત્ર પર્વ નિમિત્તે પરંપરાગત રીતે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને સાથી પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહી ને ધાર્મિક વિધિ વિધાન સાથે શસ્ત્ર પૂજન કરીને દશેરા પર્વ ની ઉજવણી કરી હતી



Greetings to Indian Ambassador to Japan Ms. Nagma Mallick

SAI ગાંધીનગર અને MY Bharatના સંયુક્ત ઉપક્રમે 'નશા મુક્ત ભારત' કાર્યક્રમ; પરંપરાગત રમતો દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને પ્રોત્સાહન

ગાંધીનગર, ગુજરાત, ૨૪ ઓક્ટોબર ૨૦૨૬: ભારતીય રમતગમત પ્રાધિકરણ નેતાજી સુભાષ પશ્ચિમી કેન્દ્ર, ગાંધીનગર દ્વારા સ્રૂ મ્રદ્ધર્ઢિના સહયોગથી ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ હાર્ટફુલનેસ સેન્ટર, અડાલજ, ગાંધીનગર ખાતે 'નશા મુક્ત ભારત' જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થનારા આ કાર્યક્રમની થીમ 'ભારતની પરંપરાગત રમતોની ઉજવણી' છે. આ પહેલ દ્વારા પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવાની સાથે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને નશામુક્ત જીવનશૈલીનો સંદેશ પણ આપવામાં આવશે.

આ પહેલનો હેતુ યુવાનોને ભારતની સમૃદ્ધ રમતગમતની વિરાસત સાથે જોડવાનો અને તેમને દૈનિક જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ અપનાવવા માટે પ્રેરિત કરવાનો છે. પરંપરાગત રમતો અને સ્વદેશી રમતગમતની પ્રવૃત્તિઓ શારીરિક તંદુરસ્તી, શિસ્ત, ટીમભાવના અને સામૂહિક સહભાગિતાને પ્રોત્સાહન આપવાનું અસરકારક માધ્યમ છે.

કાર્યક્રમમાં ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના ઉદ્દેશ્યોને વિશેષ મહત્ત્વ આપવામાં આવશે. ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ એક રાષ્ટ્રવ્યાપી પહેલ છે, જેનો હેતુ નાગરિકોને ફિટનેસને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રેરિત કરવાનો છે. પરંપરાગત રમતો અને સ્વદેશી રમતગમતની પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સક્રિય જીવનશૈલી અપનાવવા અને નિયમિત શારીરિક પ્રવૃત્તિઓના મહત્ત્વને સમજવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ કાર્યક્રમ ★'નશા મુક્ત ભારત'ના સંદેશને પણ વધુ મજબૂત બનાવશે. યુવાનોને નશાથી દૂર રહી રમતગમત, ફિટનેસ અને સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પોતાની ઊર્જાનો યોગ્ય ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવશે. ★'નશા મુક્ત યુવા, વિકસિત ભારત'★★નો સંદેશ રાષ્ટ્રના નિર્માણમાં સ્વસ્થ અને સક્રિય યુવાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે.

સ્રૂ મ્રદ્ધર્ઢિના સહયોગથી યોજાનાર આ કાર્યક્રમ ભારતની પરંપરાગત રમતગમતની વિરાસતને પ્રોત્સાહન આપવા, યુવાનોની સહભાગિતા વધારવા તથા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને નશા મુક્ત ભારત અભિયાનના ઉદ્દેશ્યોનો પ્રસાર કરવા માટે એક મહત્વપૂર્ણ પ્રયાસ બનશે.

કાર્યક્રમની વિગતો

★ તારીખઃ ૨૪ ઓક્ટોબર ૨૦૨૬

★ સમયઃ સવારે ૬:૩૦ વાગ્યે

★ સ્થળઃ હાર્ટફુલનેસ સેન્ટર, અડાલજ, ગાંધીનગર

★ આયોજકઃ ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછૈં), નેતાજી સુભાષ પશ્ચિમી કેન્દ્ર, ગાંધીનગર, સ્રૂ મ્રદ્ધર્ઢિના સહયોગથી

★ થીમઃ નશા મુક્ત ભારત – ભારતની પરંપરાગત રમતોની ઉજવણી

★ મુખ્ય ઉદ્દેશઃ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, પરંપરાગત રમતો, યુવા ફિટનેસ અને નશામુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રીવિજયભાઇ પટેલના હસ્તે

રૂ. ૨૪.૮૧ કરોડથી વધુના ખર્ચે વિવિધ રસ્તાઓ તેમજ આહવા તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરાયું :



ડાંગ આહવા : તા : ૨૧: પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર ડાંગ જિલ્લામાં છેવાડાના માનવી સુધી ઉત્તમ સુવિધાઓ પહોંચાડવાના સંકલ્પ સાથે રાજ્યની ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા વિકાસ કાર્યોને નવી ઊંચાઈ આપવામાં આવી રહી છે. આજ રોજ પંચાયત માર્ગ અને મકાન વિભાગ, આહવા-ડાંગ દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના વરદ હસ્તે જિલ્લામાં કુલ રૂ. ૨૪૮૧.૫૫ લાખ (રૂ. ૨૪.૮૧ કરોડ) ના ખર્ચે આકાર પામનારા ૧૫ રસ્તાઓ/બ્રિજના વિકાસ કામો તેમજ આહવા તાલુકા પંચાયતના નૂતન ભવનનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના વિસ્તારોના માળખાકીય વિકાસ માટે કટિબદ્ધ છે. ગુણવત્તાયુક્ત રસ્તાઓ અને પુલોથી પ્રવાસન અને પરિવહનને વેગ મળશે, જ્યારે આહવા ખાતે રૂ. ૪.૯૧ કરોડના ખર્ચે બનનાર નવું તાલુકા પંચાયત ભવન પ્રજાલક્ષી વહીવટ અને નાગરિક સેવાઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ વિકાસ કાર્યોથી ડાંગ જિલ્લાના દુર્ગમ અને અંતરિયાળ ગામડાંઓમાં પરિવહન સરળ બનશે, વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે ઉત્તમ સુવિધા મળશે તથા ખેડૂતો અને સ્થાનિક વેપારીઓને બજાર સુધી પહોંચવામાં મોટી સરળતા રહેશે તેમ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું.

અડાલજ ખાતે 'વંદે માતરમ કેમ્પ'નો ભવ્ય પ્રારંભઃ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ કર્યું ઉદ્ઘાટન

માય ભારત, ગાંધીનગર (ગુજરાત) દ્વારા અડાલજ, ગાંધીનગર સ્થિત 'હાર્ટફુલનેસ મેડિટેશન સેન્ટર' ખાતે ૨૨ થી ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સાત દિવસીય 'વંદે માતરમ કેમ્પ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો શુભારંભ ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજાના વરદહસ્તે કરવામાં આવ્યો હતો.

આ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક આદાન-પ્રદાન, પરસ્પર સમજણ અને રાષ્ટ્રીય ઓળખની ભાવનાને વધુ સુદ્રઢ બનાવવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સામૂહિક 'વંદે માતરમ' ગાન દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના વ્યક્ત કરી હતી.

કેરળથી આવેલા યુવા સહભાગીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા મનમોહક સાંસ્કૃતિક નૃત્યે ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા અને ભારતની વિવિધતામાં એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ

ઉદ્ઘાટન પ્રસંગે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર, માય ભારત ગુજરાતના નિયામક શ્રી સચિન શર્મા, સહાયક નિયામક શ્રી શ્રેયાંશ સિંહ તથા ઢ્ઢ શ્રી પંકજ યાદવ સહિતના અનેક વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ ઉપસ્થિત યુવાનો સાથે એક વિશેષ સંવાદાત્મક સત્ર યોજ્યું હતું. આ સત્રમાં તેમણે વંદે માતરમ્, 'વિકસિત ભારત'ની સંકલ્પના, સુશાસન, રાષ્ટ્રીય વિકાસ નીતિઓ અને "એક પેડ મા કે નામ" જેવા મહત્વપૂર્ણ વિષયો પર ગહન ચર્ચા કરી હતી. તેમણે યુવાનોને જવાબદાર નાગરિક બની રાષ્ટ્રનિર્માણ અને ટકાઉ વિકાસમાં સક્રિય ફાળો આપવા પ્રેરણા પૂરી પાડી હતી.

દેશના વિવિધ પ્રદેશોમાંથી ૧૫૦ યુવાનોની ભાગીદારી

આ કેમ્પમાં હિમાચલ પ્રદેશ, ઓડિશા, તેલંગાણા, કેરળ અને બિહાર તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાંથી ૧૫૦ જેટલા યુવા સહભાગીઓ જોડાયા છે. આ આયોજનથી યુવાનોને પોતાની સંસ્કૃતિ તથા પરંપરાઓની આપ-લે કરવાનો અને રાષ્ટ્રીય એકતાના બંધનને મજબૂત કરવાનો સોનેરી અવસર મળ્યો છે.

કેમ્પ દરમિયાન સહભાગીઓ માટે તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાજ્યપાલશ્રીના નિવાસસ્થાનની મુલાકાત તથા જિલ્લા કલેક્ટરશ્રી સાથે યુવા સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી યુવાનોને સુશાસન અને વહીવટી પ્રક્રિયા વિશે પ્રત્યક્ષ સમજ મળશે. આ ઉપરાંત યુવાનોને ગુજરાતના વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને ઐતિહાસિક વારસાથી માહિતગાર કરવા સાયન્સ સિટી અને સાબરમતી ખાતે શૈક્ષણિક પ્રવાસ પણ યોજાશે.

માય ભારત, ગાંધીનગરના જિલ્લા યુવા અધિકારીની યાદીમાં જણાવ્યા મુજબ, ૨૮ ઓક્ટોબર સુધી ચાલનારા આ કેમ્પ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, સંવાદો અને પ્રવાસો થકી રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા સક્ષમ, જાગૃત અને જવાબદાર યુવા પેઢીનું ઘડતર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat